આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-29-04-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

------------------------------------------------------------------------

# લોકસભા ચૂંટણી છઠ્ઠો તબક્કામાં જાહેરનામુ

લોકસભાની છઠ્ઠા તબક્કાની ચૂંટણી માટેનું જાહેરનામું ચૂંટણીપંચ દ્વારા બહાર પાડવામાં આવ્યું. છઠ્ઠા તબક્કામાં છ રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશમાં **57** લોકસભા બેઠકો માટે મતદાન કરાવાશે, તેમાં દિલ્હીની સાત બેઠકો, હરિયાણાની દસ બેઠકો, ઉત્તરપ્રદેશની **14** બેઠકો, બિહાર અને પશ્ચિમ બંગાળની આઠ – આઠ બેઠકો, ઓરિસ્સાની છ બેઠકો તેમજ ઝારખંડની ચાર બેઠક માટે મતદાન હાથ ધરાશે.

ઉમેદવારીપત્ર ભરવા માટેની છેલ્લી તારીખ છઠ્ઠી મે મતદાન જયારે **25**મી મેના થશે. બધી જ બેઠકો માટે મતગણતરી ચોથી જૂને કરાવાશે.

**RNU** અમદાવાદ

------------------------------------------------------------------------

# રાજ્યનું KYPS અભિયાન તમારૂ પોલિંગ સ્ટેશન જાણો

ગઈકાલે રાજ્યના તમામ મતદાન મથકો પર બુથ લેવલ અધિકારી દ્વારા મતદારોને મળતી સુવિધાઓ અને વ્યવસ્થાઓ અંગે માહિતગાર કરવામાં આવ્યા.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીના માર્ગદર્શન હેઠળ ગઈકાલે સમગ્ર રાજ્યમાં **Know Your Polling Station** અભિયાન યોજાયું હતું. જેમાં રાજ્યના તમામ મતદાન મથકો પર સવારે નવ વાગ્યાથી બપોરે સાડા બાર વાગ્યા સુધી હાજર રહી બુથ લેવલ ઑફિસર્સ દ્વારા મતદારોને મતદાન મથકે પ્રાપ્ય સુવિધા અને વ્યવસ્થાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

પોતાના મતદાન મથક સ્થળ પર આવનાર મતદારોને આગામી ૭મી મેના યોજાનાર મતદાનના દિવસે કયા પોલીંગ બુથમાં મત આપવા જવાનું છે, મતદાન માટે **EPIC** અને તેની અવેજીમાં કયા પુરાવા માન્ય ગણાશે. પીવાના પાણીથી લઈ શૌચાલય સહિતની પ્રાથમિક સુવિધાઓ, દિવ્યાંગ મતદારો માટે વિશેષ વ્યવસ્થાઓ સહિતની બાબતો અંગે બુથ લેવલ ઑફિસર્સ દ્વારા મતદારોને અવગત કરાવવામાં આવ્યા હતા.

આ અભિયાન અંતર્ગત નાગરિકોએ પોતાના મતદાન મથકની મુલાકાત લીધી હતી. નાગરિકોએ તેમને મુંઝવતા પ્રશ્નો વિશે બુથ લેવલ ઑફિસર્સ દ્વારા આપવામાં આવેલી માહિતી અંગે સંતોષ વ્યક્ત કરવા સાથે મતદાનના દિવસે મતદારોની સુગમતા માટે ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલી આ આગવી પહેલને બિરદાવી હતી.

આ અભિયાનની સાથે સાથે રાજ્યના તમામ મતદાન મથકો પર ચુનાવ પાઠશાલા યોજાઈ હતી. જેમાં ગ્રામ્ય કક્ષાએ કાર્યરત તલાટી, આશાવર્કર અને આંગણવાડી વર્કર સહિતના કર્મચારીઓ દ્વારા મહત્તમ મતદારો મતદાન કરે

તે માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. ચુનાવ પાઠશાલા અંતર્ગત ચૂંટણી તંત્ર દ્વારા ખાસ કરીને મહિલા મતદારોને મોટી સંખ્યામાં સહપરિવાર મતદાન કરવા આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

**RNU અમદાવાદ**

---

## ચૂંટણી પ્રચાર -01 રાજનાથસિંહ

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, ભાજપની આગેવાની હેઠળના NDA શાસનમાં છેલ્લા દાયકામાં દેશની વૈશ્વિક છબી નોંધપાત્ર રીતે બદલાઈ છે.

ગઈકાલે આણંદ જિલ્લામાં એક ચૂંટણી રેલીને સંબોધતા શ્રી સિંહે કહ્યું કે, જ્યારથી નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રીનું પદ સંભાળ્યું છે ત્યારથી વિશ્વએ ભારત અને તેના અભિપ્રાયને ગંભીરતાથી લેવાનું શરૂ કર્યું છે. NDA સરકારની નીતિઓને કારણે વિશ્વની ટોચની પાંચ અર્થવ્યવસ્થાઓમાં ભારતનો સમાવેશ થયો છે.

**RNU અમદાવાદ**

---

## ચૂંટણીપંચ -02 ભાજપ સહકાર સંમેલન

ગાંધીનગરના ત્રિમંદિર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલની ઉપસ્થિતીમાં સહકાર સંમેલન યોજાયું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કારણે દેશની આર્થિક તાકાત વધી અને અર્થતંત્ર 11મા સ્થાનેથી પાંચમા સ્થાને પહોંચ્યું છે. આ પ્રસંગે ભાજપના પ્રદેશ પ્રમુખે સી.આર.પાટીલે કહ્યું કે, દક્ષિણ ગુજરાતમાં શેરડી પકવતાં ખેડૂતોને વધુમાં વધુ ટેકાના ભાવ આપીને ફાયદો કરાવવામાં આવ્યો છે..

**RNU અમદાવાદ**

---

## ચૂંટણીપંચ -03 કોંગ્રેસ – રાહુલ ગાંધી

કોંગ્રેસના અગ્રણી નેતા રાહુલ ગાંધીએ ગઈકાલે કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલી દમણ- દીવ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર કેતન પટેલના સમર્થનમાં મોટી દમણમાં ચૂંટણી રેલીને સંબોધી હતી.

શ્રી ગાંધીએ ચૂંટણી રેલીમાં જણાવ્યું હતું કે, જો કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર આવશે તો મહિલાઓના ખાતામાં દર વર્ષે એક લાખ રૂપિયા જમા કરાવવામાં આવશે. ખેડૂતોની લોન માફ કરવામાં આવશે. ખેડૂતોને તેમના અનાજના યોગ્ય ભાવ મળે તે માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

RNU અમદાવાદ

---

## રાજ્ય – ડ્રગ્સ ઝડપાયું

અરબી સમુદ્રમાંથી ભારતીય તટરક્ષક દળ અને આતંકવાદી વિરોધી દળે ગઈકાલે ફરી એકવાર 600 કરોડ રૂપિયાની કિંમતના નશીલા પદાર્થોના જથ્થા સાથે 14 પાકિસ્તાનીઓની ધરપકડ કરી છે.

RNU અમદાવાદ

---

## ક્રિકેટ : IPL-2024 (1) GT- RCB (2) CSK-SRH

ગઈકાલે આઇપીએલની પ્રથમ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગાલુરૂની ટીમે ગુજરાત ટાઇટન્સને 9 વિકેટે હરાવી મોટી સફળતા હાંસલ કરી હતી. અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરની મેચમાં ગુજરાતની ટીમે 3 વિકેટ ગુમાવી 200 રન કર્યા હતા. જવાબમાં બેંગલુરુ ટીમે માત્ર એક વિકેટ ગુમાવી વિજયી લક્ષ્ય પાર પાડ્યું હતું. વીલ જેક્સ સો રન અને વિરાટ કોહલી 70 રને અણનમ રહ્યા હતા

RNU

જયારે ગઈકાલે જ આઇપીએલની બીજી મેચમાં ચેન્નઇ સુપર કિંગ્સ ટીમે સનરાઇઝર્સ હૈદરાબાદ ટીમને **78** રને હાર આપી હતી. ચેન્નઇ ટીમે **3** વિકેટનાં ભોગે **212** રન કર્યા હતા. જવાબમાં હૈદરાબાદ ટીમ **134** રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

ચંદ્રવદન પટ્ટણી

---------------------------------------------------------------------------

RNUBHUJ